**૩/૧/૨૩** **રોટરી કલબ ભરૂચ દ્વારા આયોજીત નેશન બિલ્ડર એવોર્ડ** અંતર્ગત શાળાના **૫** શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા જેમાં પૂર્વ પ્રાથમિક વિભાગ ગુ.મા **શીતલબેન વાઘેલા** (સુપરવાઈઝર), ઉ.પ્રા. વિભાગમાં **કંચનબેન પરમાર** (સુપરવાઈઝર), ઉ.મા વિ.પ્ર.(ગ્રાન્ટેડ વિભાગમા) **પરેશભાઇ પટેલ** (મ.શિ), ઉ.મા કોમર્સ વિભાગમાં **ઉન્નતિબેન પટેલ** (સુપરવાઈઝર), અને ઉ.મા વિ.પ્ર.-અં.મા. વિભાગમાં **લોકેન્દ્ર ડી. ભારદ્વાજ** (મ.શિ) ને રોટરી કલબ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં શિક્ષકોને પ્રોત્સાહિત કરવા માટે શાળાના અં.મા. ના આચાર્યા શ્રીમતિ વિદ્યાબેન રાણા અને પ્રાથમિક વિભાગના સુપરવાઇઝર ભકિતબેન ઉપસ્થિત રહ્યા હતાં




**સફળ લોકો પરિસ્થિત પ્રમાણે બદલાય શકે છે પણ અનુભવી લોકો પોતાના પ્રમાણે પરિસ્થિતિને બદલી નાખે છે.**


**તા: ૩/૧/૨૩:** પ્રોજેકટ પ્રદર્શન અંગે શાળામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઇ. જેમાં પ્રિન્ટ મિડિયા, ઇલેકટ્રોનિક મિડિયાના ૪૦ જેટલાં પત્રકારો ઉપસ્થિત રહ્યાં હતાં.

**તા: ૧૩/૧/૨૩:** જિલ્લા શિક્ષણઅને તાલીમ ભવનમાં શાળાનાં પ્રિન્સીપાલ ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિએ તેના તાલીમાર્થીઆને સ્પર્ધાત્મક પરીક્ષા અંગે માર્ગદર્શન વ્યાખ્યાન આપ્યું. નર્મદા એકેડમી અંજલિ એજયુકેશન દ્વારા આ કાર્યક્રમનું આયોજન થયું હતું.

**તા: ૨૧/૧/૨૩:** ધો- ૮ અ/બ ના વિદ્યાર્થીઓને લઇને શાળાના શિક્ષક શ્રી શૈલેન્દ્રસિંહ ગોહિલ, શ્રી સુરશેભાઇ પ્રજાપતિ, શીલાબેન કરમોકર સેવાશ્રમ હોસ્પિટલ અને એ-ડિવિઝન પોલિસ ચોકી સોનેરી મહેલની મુલાકાત લીધી.

**The Future belongs to those who believe in the beauty of their DREAMS**





**<u>સ્ટુડન્ટ પોલીસ કેડેટ (S.P.C.) પ્રોજેકટ અંતર્ગત શાળાનાં વિદ્યાર્થીઓએ આઉટડોર તાલીમના ભાગરૂપે ફિલ્ડ વિઝિટ</u>**

ભરૂચ શહેર એ- ડિવિઝન પોલીસ સ્ટેશન દ્વારા સેવાશ્રમ અને સોનેરી મહેલ પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. ભરૂચના પાંચબત્તીમાં સેવાશ્રમ હોસ્પિટલ આવી જ એક વિશ્વસનીય હોસ્પિટલ છે. જે નિષ્ણાંત તબીબી સંભાળ પૂરી પાડવા પ્રતિબદ્ધ છે. જયાં ફિઝીશ્યન, એમ.ડી. મેડીશીન, પીડીયાટ્રીશ્યન, ગાયનેકોલોજીસ્ટ, ઓર્થોપેડીક, પેથોલોજીસ્ટ, ઓપ્થાલમોલોજી, સ્કીન સ્પેશ્યાલીસ્ટ જેવા વિભાગોમાં વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. પ્રશ્નોત્તરી કરી હોસ્પિટલનાં દર્દીઓની ખબર અંતર પૂછી હતી. હોસ્પિટલમાં એપોઇન્ટમેન્ટ કેવી રીતે લેવી. કેસ કઢાવવો તેમજ કયા વિભાગમાં દર્દીનીસારવાર કરાવવી તેની માહિતી મેળવી, આઇ.સી.યુ. ની મુલાકાત, વેન્ટીલેટર મશીન, એકસ-રે મશીન, લેબોરેટરીમાં લોહીના સેમ્પલ કઇ રીતે લેવા તેની જાતે માહિતી મેળવી હતી.

ડોકટરો અને તેમની ટીમ ઉચ્ચ કક્ષાની સંભાળ અને માર્ગદર્શન આપે છે. જે તેમના દર્દીઓને પ્રથમ સ્થાન આપે છે. વિદ્યાર્થીઓની રૂબરૂ મુલાકાતથી તેમનામાં ઊંચું વિઝન બંધાયું હતું. આ તમામ માહિતી **ડૉ. હેમાલીબેન ગોહિલ**નાં માર્ગદર્શન હેઠળ મળી હતી.

વિદ્યાર્થીઓમાં જવાબદારી કેળવાય તેમજ યુવાનો કાયદાઓનું પાલન કરો.પોલીસ સ્ટેશનમાં વિવિધ વિભાગો જેવા કે એકાઉન્ટ વિભાગ, કમ્પ્યુટર વિભાગ, ક્રાઇમ એલ.સી.બી. (લોકલ ક્રાઇમ બ્રાન્ચ), એસ.ઓ.જી. (સ્પેશીયલ ઓફ ગૃપ), હથિયાર પરવાનાની નોંધ ઇ.ગુજ. કાર્ય ઓન લાઇન કામગીરી, રાઇટર હેડ ઓફિસ, પાસપોર્ટ, જનરલ મુદ્દામાલ રૂમ વગેરે વિભાગની વિદ્યાર્થીઓ દ્વારા મુલાકાત લેવાઇ. વિદ્યાર્થીઓએ એફ.આઇ. આર. અંગેની માહિતી મેળવી. ગુનાની ફરિયાદ કેવી રીતે લેવામાં આવે, જાણવા જોગ ફરિયાદ વગેરે વિષે પ્રશ્નોત્તરી કરી માહિતી મેળવી હતી.

સેવાશ્રમ અને પોલીસ સ્ટેશન અંગેની તમામ માહિતી એ-ડિવિઝન પોલીસ મથકમાંથી પધારેલ પો.કો. **શ્રીમતિ સંગીતાબેન** અને પો.કો. **શ્રીમતિ શિલ્પાબેન**નાં નેતૃત્વ હેઠળ શાળાનાં શિક્ષકો શૈલેન્દ્રસિંહ ગોહિલ, સુરેશભાઇ પ્રજાપતિ, શિલાબેનના નેતૃત્વ હેઠળ શાળાનાં ૪૪ વિદ્યાર્થીઓએ ફિલ્ડ વિઝીટ કરી હતી.







**તા : ૨૭/૦૧/૨૩** **“પરીક્ષા પે ચર્ચા”**ના લાઇવ પ્રસારણમાં **નિશાંતભાઇ દવે** (EI જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ભરૂચ.), **મિતેશભાઇ રાણા** (ઉપપ્રમુખ,ભરૂચ શહેર, BJP),**જિજ્ઞેશભાઇ મિસ્ત્રી** (જિલ્લા મંત્રી, BJP),અરવિંદભાઇ મહેતા(સભ્યશ્રી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ),**નરેશભાઇ સુથારવાલા** (ચેરમેનશ્રી,કારોબારી વિભાગ, નગરપાલિકા, ભરૂચ), **ભાવિનભાઇ પટેલ**(દંડકશ્રી, નગરપાલિકા, ભરૂચ), **શિલાબેન વણકર** (ચેરમેનશ્રી, સમાજ કલ્યાણ વિભાગ,નગરપાલિકા, ભરૂચ),**જિગિશાબેન પટેલ** (સભ્યશ્રી નગરપાલિકા વોર્ડ નં ૪) મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.આ કાર્યક્રમમાં શાળાના ધો ૧૦ ગુ.મા અને ૧૨ કોમર્સ ગુ.મા અને અં.મા.નાં વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા અંતર્ગત મુંઝવતા પ્રશ્નો જેવાં કે **Hard Work** અને **Smart Work** માંથી કોને વધુ મહત્વ આપવુ જોઇએ? પરીક્ષાના સમય દરમિયાન ડર લાગે છે જેને કારણે વાંચેલુ ભૂલી જવાય છે,વાલીઓ/સમાજ વિદ્યાર્થીઓના અભ્યાસ અંગે ઊંચી અપેક્ષાઓ રાખે છે.તે અંગે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી પાસેથી માર્ગદર્શન મેળવ્યું.

જે વિદ્યાર્થીઓને તણાવમાં મુકી દે છે,પરીક્ષાની પૂર્વ તૈયારી કેવી રીતે કરવી? અભ્યાસમાં મધ્યમ અને નબળા વિદ્યાર્થીઓએ કેવી રીતે પરીક્ષાની તૈયારી કરવી? .... જેવાં વિવિધ પ્રશ્નો ભારતની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા ભારતના વડાપ્રધાન માનનીય **શ્રી નરેન્દ્ર મોદીજી**ને પૂછવામાં આવ્યા હતા. એમણે વ્યવહારુ જીવન સાથે સંકળાયેલ ઉત્તમ દૃષ્ટાંતો દ્વારા દરેક પ્રશ્નોનું સરળતા પૂર્વક અને સચોટ માર્ગદર્શન આપ્યું. વિદ્યાર્થીઓએ **પરીક્ષા પે ચર્ચા** કાર્યક્રમ અંતર્ગત પોતાના પ્રતિભાવો **DEO**, કચેરી ભરૂચ ખાતે રજૂ કર્યા.

**બુધ્ધિશાળી વ્યકિત અવસરની રાહ જોતો નથી પણ અવસર પેદા કરે છે.**